# આપણા પક્ષીઓ

બાળકો માટે સરળ નિબંધો

**સંકલન : તુષાર વ્યાસ અને ભરત ચૌહાણ**





# ચકલી

ચકલી ઘર-આંગણાનું નાનું નમણું પંખી છે.
એની ચાંચ જાડી, ટૂંકી અને મજબૂત હોય છે.
એનો રંગ ધૂળિયો અને બદામી હોય છે.
એનો માળો ઘાસનાં તણખલાંથી ભરપૂર હોય છે.
તે ઘરમાં ગમે ત્યાં પોતાનો માળો બાંધે છે.
અનાજના દાણા અને જીવજંતુઓ તેનો ખોરાક છે.
ચકલીને ધૂળમાં સ્નાન કરવાનું ખૂબ ગમે છે.
ચકલી કૂદકા મારતી મારતી ચાલે છે.
ચકલી 'ચીં ચીં' એવો અવાજ કરે છે.



# કાગડો

કાગડો ઘર-આંગણાનું ખૂબ પરિચિત પંખી છે. એના શરીરનો રંગ કાળો અને ભૂખરો હોય છે. એની આંખો ગોળ અને ચાંચ અણીદાર હોય છે. એંઠો ખોરાક, જંતુઓ કે માંસ એનો ખોરાક છે. કાગડો ઝાડની ઊંચી ડાળે પોતાનો માળો બાંધે છે. કાગડાના માળામાં કોયલ પોતાનાં ઈંડાં મૂકી જાય છે. કાગડી એ ઈંડાંને પોતાનાં સમજીને સેવે છે. કાગડો 'કા..કા..' એવા અવાજે બીજા કાગડાને બોલાવે છે. મુશ્કેલી ટાણે બધા કાગડા એક જગ્યાએ ભેગા થાય છે. કાગડો સંપીલું અને ખૂબ ચાલક પંખી છે.



# પોપટ

પોપટ ટોળામાં રહેનારું વન-ઉપવનનું પંખી છે.
એના શરીરનો રંગ લીલો હોય છે.
એની ચાંચ જાડી, રાતી અને વાંકી હોય છે.
પોપટના કંઠે સરસ મજાનો કાળો કાંઠલો હોય છે.
તેને પાકા ફળફળાદિ તેમજ મરચાં ખૂબ ભાવે છે.
પોપટ દૂર દૂર સુધી ખૂબ ઝડપથી ઊડી શકે છે.
ઘણા લોકો પોપટને પાંજરામાં પાળે છે.
પાળેલો પોપટ માણસની જેમ શબ્દો બોલે છે.
પોપટ સરસ મજાનું મીઠું મીઠું બોલે છે.



# કબૂતર

કબૂતર ઘર - આંગણાનું ખૂબ જ જાણીતું પંખી છે.
એનો રંગ રાખોડી અને ઘેરો શ્યામ હોય છે.
સાવ ધોળાં કે તપખીરિયા રંગના કબૂતર પણ હોય છે.
કબૂતરનું શરીર ખૂબ સુડોળ અને ભરાવદાર હોય છે.
એની આંખો રતુંબડા રંગની અને સુંદર હોય છે.
એ અવાવરું ઘર, કૂવા કે દીવાલની બખોલમાં રહે છે.
કબૂતર થાક્યા વગર ઘણે દૂર સુધી ઊડી શકે છે.
એની ઊડવાની ઝડપ અને દિશાની સૂઝ ગજબની હોય છે.
કબૂતરનો ઉપયોગ દૂરના સ્થળે સંદેશા મોકલવામાં થાય છે.
કબૂતર 'શાંતિના દૂત' તરીકે દુનિયાભરમાં જાણીતું છે.



# મોર

મોર આપણા દેશનું સૌથી ખૂબસૂરત અને સોહામણું પંખી છે. એની વાદળી રંગની ડોક લાંબી અને વળાંકવાળી હોય છે. મોરને લાંબા, સુંદર અને રંગબેરંગી પીંછાં હોય છે. એના માથે ખૂબ જ સરસ અને સુંદરમજાની કલગી હોય છે. મોર નાનાં જંતુઓ અને અનાજના દાણા ખાય છે. આનંદમાં આવેલો મોર કળા કરીને નાચે છે. તે 'ટેંહૂક... ટેંહૂક...' એવા અવાજે મીઠા ટહૂકા કરે છે. મોરના પીંછાંમાંથી મનોહર પંખા બને છે. મોરની માદાને 'ઢેલ' કહે છે. તેને રંગીન પીંછાં હોતા નથી. મોર આપણા દેશનું (ભારત દેશનું) રાષ્ટ્રીય પક્ષી છે.



# કાબર

કાબર આપણને રોજબરોજ જોવા મળતું જાણીતું પંખી છે.
એની ડોક અને માથું કાળા રંગના ચમકતાં હોય છે.
એની ચાંચ અને પગ પીળા રંગના હોય છે.
કાબરની આંખની આસપાસનો પીળો રંગ સુંદર લાગે છે.
કાબર છાતી કાઢીને ડોકું હલાવતી ઠસ્સાથી ચાલે છે.
એ વાતો કરતી જાય છે અને ચણ ચણતી જાય છે.
એ જમીન પરથી અનાજ અને જીવાત વીણી ખાય છે.
એ ઝાડની કે દીવાલની બખોલમાં માળો બાંધે છે.
ભય જણાતાં બધી કાબરો કાગારોળ મચાવી મૂકે છે.
કાબર બીજાં પંખીઓની બોલી પણ બોલતી હોય છે.
કાબર જીવાતને ખાઈ જતું ખેડૂતને ઉપયોગી પંખી છે.



# કૂકડો

કૂકડો આપણું ખૂબ જાણીતું રંગબેરંગી પંખી છે.
એના માથે રાતા રંગની સુંદર કલગી શોભે છે.
એને વાંકાં, ભરાવદાર અને રંગબેરંગી પીંછાં હોય છે.
કૂકડો છાતી કાઢીને સૈનિકની જેમ દમામથી ચાલે છે.
અનાજના દાણા અને જીવજંતુ એનો ખોરાક છે.
કૂકડો મોટા ભાગે મરઘીઓના ટોળામાં ફરતો દેખાય છે.
બીજા કૂકડા સાથેની લડાઈમાં એનું સાચું જોમ દેખાય છે.
પરોઢ થતાં એ ‘કૂકડે ...કૂક’ અવાજથી સૌને જગાડે છે.
કૂકડો પ્રભાતના છડીદાર તરીકે ઓળખાય છે.



# સમડી

સમડી માનવ - વસવાટની નજીક રહેતું પંખી છે.
એના શરીરનો રંગ ભૂખરો બદામી હોય છે.
એની ચાંચ વાંકી અને અણીદાર હોય છે.
એના પંજા મજબૂત અને નહોર ખૂબ ધારદાર હોય છે.
સમડીને મોટી અને લાંબી પાંખો હોય છે.
એનાથી તે આકાશમાં ખૂબ જ ઊંચે ઊડે છે.
ખોરાકની શોધમાં તે આકાશમાં ગોળ ગોળ ફરતી હોય છે.
ઊંચેથી પણ એ જમીન પરનો શિકાર જોઈ શકે છે.
એ રાંધેલો ખોરાક, મરેલા પ્રાણીનું માંસ વગેરે ખાય છે.
ઉંદર જેવા જીવોને એ તરાપ મારીને ઉપાડી જાય છે.



# કોયલ

કોયલ વન-ઉપવનમાં રહેનારું લોકપ્રિય પંખી છે. એના આખા શરીરનો રંગ કાળો હોય છે. એની આંખ રાતા રંગની અને સુંદર હોય છે. તે આંબાઓમાં કે અન્ય વૃક્ષોની ઝાડીમાં જોવા મળે છે. કોયલ શરમાળ હોઈ વૃક્ષોમાં પોતાને છુપાવીને બેસે છે. નાની જીવાત અને ફળફળાદિ એનો ખોરાક છે. કોયલ કદી પોતાનો માળો બાંધતી નથી. એ પોતાના ઈંડાંને કાગડીના માળામાં મૂકી આવે છે. કોયલ ‘કુહૂ... કુહૂ...’ એવો મીઠો અવાજ કરે છે. વસંતઋતુમાં એના આવા મીઠા ટહુકા સંભળાય છે.



# શાહમૃગ

શાહમૃગ દુનિયાભરનું સૌથી મોટું પક્ષી છે.
એને ખૂબ લાંબી ડોક અને મજબૂત ચાંચ હોય છે.
એના પગ લાંબા અને ગુલાબી રંગના હોય છે.
એને બે મોટી અને મજબૂત પાંખો હોય છે.
એ પાંખો વડે તે ખાસ ઊડી શકતું નથી.
પણ તે ખૂબ જ ઝડપથી દોડી શકે છે.
શાહમૃગ આફ્રિકા ખંડનું રહેવાસી પંખી છે.
શાહમૃગ દુનિયાનું સૌથી મોટું ઇંડું મૂકતું પંખી છે.
એનું ઈંડું શ્રીફળ જેવડું મોટું અને સફેદ હોય છે.
શાહમૃગના પીંછાં ખૂબ જ કીંમતી ગણાય છે.



# ગીધ

ગીધ માનવ - વસવાટની નજીક રહેનારું પંખી છે.
એની પાંખો ખૂબ જ મોટી અને લાંબી હોય છે.
એની ડોક ખૂબ લાંબી અને વળાંકવાળી હોય છે.
એની ચાંચ મોટી અને લાલ રંગની હોય છે.
મરેલાં પ્રાણીઓનું માંસ એનો મુખ્ય ખોરાક છે.
એને મોટી પાંખો હોવા છતાં તે ઝાઝું ઊડી શકતું નથી.
સ્મશાન નજીકનાં ઝાડ કે મકાન પર તે જોવા મળે છે.
ગીધ ટોળામાં દેખાતું / રહેનારું મોટું પંખી છે.




# લક્કડખોદ

લક્કડખોદ વન - વગડાનું મનોહર પક્ષી છે.
તેના માથે રાતાં અને કલગી જેવાં ઊંચાં પીંછાં હોય છે.
તેની પાંખોના પીંછાં સોનેરી અને બદામી રંગના હોય છે.
આ પીંછાંથી તે વધારે સુંદર દેખાય છે.
તેની ચાંચ લાંબી, મજબૂત અને ધારદાર હોય છે.
તેના વડે તે ઝાડના થડને કે લાકડાને કોરે છે.
તેના આવા ગુણને લીધે જ તે 'લક્કડખોદ' કહેવાય છે.
તેનો લાકડું કોરવાનો અવાજ દૂરથી પણ સંભળાય છે.
લક્કડખોદ ઝાડના થડના બાકોરામાં રહે છે.
એ લાકડામાંનાં નાનાં જીવજંતુ અને ફળ ખાય છે.



# હંસ

હંસ એ આપણું જાણીતું વન - વગડાનું પક્ષી છે.
એના શરીરનો રંગ સફેદ અને આછો ભૂરો હોય છે.
એનું માથું ધોળું અને ચાંચ ગુલાબી રંગની હોય છે.
હંસ નદીકાંઠે કે વનસ્પતિવાળાં તળાવોમાં રહે છે.
પાકના લીલા અંકુરો અને વનસ્પતિનાં બીજ તેનો ખોરાક છે.
હંસ ટોળામાં રહેનારું સંપીલું પક્ષી છે.
એ આકાશમાં ઊંચે હારબંધ ઊડતા જોવા મળે છે.
ચાંદની રાત્રે આકાશમાં ઊડતા હંસોની હાર સુંદર લાગે છે.
હંસ કપટ વિનાનું અને નિર્દોષ પંખી મનાય છે.



# બતક

બતક ધોળા રંગનું જાણીતું જળચર પંખી છે.
તેની પાંખોના પીંછાં ભરાવદાર અને સુંવાળા હોય છે.
તેની ચાંચ પીળા રંગની અને ચપટી હોય છે.
એના પંજાના આંગળાં ચામડીથી જોડાયેલા હોય છે.
બતક માછલાં, જીવજંતુ તથા અનાજના દાણા ખાય છે.
તે પાણીમાં હોડીની જેમ સરસર, સરસર તરે છે.
બતકને પાંખો હોવા છતાં તે ખાસ ઊડી શકતું નથી.
એ જમીન ઉપર ખૂબ ઝડપથી દોડી શકે છે.
બતક ‘તક તક તર...’ એવો ઝીણો અવાજ કરે છે.



# બગલો

બગલો સફેદ રંગનું મોટું જળચર પંખી છે.
તેની ડોક ખૂબ લાંબી અને વળાંકવાળી હોય છે.
તેને લાંબા પગ અને લાંબી ચાંચ હોય છે.
તેના પગનો અને ચાંચનો રંગ પીળો હોય છે.
બગલાની પાંખો ધોળી અને મોટી હોય છે.
એનાથી એ આકાશમાં ખૂબ ઊંચે ઊડે છે.
બગલો પાણીમાં એક પગે સ્થિર ઊભો રહે છે.
માછલું નજીકમાં આવતાં જ એ ચાંચથી ઝડપી લે છે.
બગલો જળાશયમાં નજીકનાં વૃક્ષોમાં રહેનારું પંખી છે.



# ઘુવડ

ઘુવડ નાનું, બેડોળ અને બિહામણું પક્ષી છે.
એના શરીરનો રંગ ભૂખરો બદામી હોય છે.
એને મોટું ગોળ માથું અને મોટી ગોળ આંખો હોય છે.
એના માથાનાં પીંછાં શિંગડાની અણીઓ જેવા લાગે છે.
એની તીણી ધારદાર ચાંચ નાક જેવી દેખાય છે.
ઘુવડ ઊંદર, માછલાં, દેડકાં વગેરે ખાય છે.
ઘુવડ દિવસે પોતાના રહેઠાણમાં લપાઈ રહે છે.
તે રાતના અંધારામાં પણ સારી રીતે જોઈ શકે છે.
તેથી તે રાત્રે ઝાડ કે મકાન ઉપર જોવા મળે છે.
ઘુવડ રાત્રે ‘ઘૂ...ઘૂ...ઘૂ...’ એવો કર્કશ અવાજ કરે છે.